# રાજકોટ મહાનગર સેવાસદન

## બગીચા શાખા

ઇ-ટેન્ડર નં. રા.મ.ન.પા./બગીચા શાખા/૨૦૨૪-૨૫/૧૨

**વેસ્ટઝોન વિસ્તારના જુદા જુદા બગીચાઓ, સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ. (દ્વિ-વાર્ષિક)**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) | રૂ. ૪૫૦૦/- |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | રૂ. ૧,૧૮,૯૦૦/- |
| 3 | ઇ-ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા.૨૭/03/૨૦૨૫; ૧૬:00 કલાક સુધી |
| ૪ | ઇ-ટેન્ડર ઓનલાઇન સબમીટની છેલ્લી તારીખ | તા.૨૭/03/૨૦૨૫; ૧૮:00 કલાક સુધી |
| ૫ | પ્રિ-બીડ મિટીંગ | તા.૧૯/03/૨૦૨૫; ૧૧:00 કલાકે<br>નાયબ કમિશનરશ્રીની ઓફીસ, ઈસ્ટ ઝોન કચેરી, ભાવનગર રોડ, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટની કચેરી ખાતે |
| ૬ | ટેન્ડર ડોકયુમેન્ટ (ટેન્ડર ફી, અર્નેસ્ટમની તથા લાયકાતનાં તમામ ડોક્યુમેન્ટસ) | તમામ લાયકાતના ડોક્યુમેન્ટસ્ ઓનલાઇન સબમીટ કરવાના રહેશે. |
| ૭ | ટેન્ડર ફી, અર્નેસ્ટમની તથા નોન-બ્લેકલીસ્ટ બોન્ડ (બાન્હેધરી) મોકલવાની વિગત | સીલબંધ કવરમાં "**<u>ફક્ત પોસ્ટ મારફત</u>**" તા.૨૮/03/૨૦૨૫ થી તા.0૨/0૪/૨૦૨૫ સુધીમાં ડાયરેક્ટર (પાર્ક & ગાર્ડન), બગીચા શાખા, રૂમ.૧-બી, બીજો માળ, સેન્ટ્રલ ઝોન, ડો. આંબેડકર ભવન, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ-3૬000૧ ખાતે મોકલાવવાના રહેશે. |
| ૮ | ઓનલાઇન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા. 03/0૪/૨૦૨૫, ૧૧:00 કલાકે |
| ૯ | વેરીફીકેશન ઓફ  ટેકનીકલ બીડ | તા. ૦૫/૦૪/૨૦૨૫, ૧૧:30 કલાક સુધી |
| ૧૦ | ઓનલાઇન પ્રાઈઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા. ૦૫/૦૪/૨૦૨૫, ૧૨:00 કલાકે થી |

ડાયરેક્ટર (પી&જી)
બગીચા શાખા
રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ
(સંપર્ક : ડો.બી.આર. જાકાસણીયા – મો.૯૬૨૪૦ ૭૫૩૮૭)

# ઇન્ડેક્સ


| ક્રમ નંબર | વિગત | પેઇજ નંબર |
|---|---|---|
| ૦૧ | ટેન્ડરની સામાન્ય શરતો તથા ખાસ શરતો | ૩ થી ૬ |
| ૦૨ | ભાવ પત્રક | ૭ |
| ૦૩ | બગીચાઓની વિગત : પત્રક-૧ | ૮ |
| ૦૪ | સીનીયર સિટીઝન/ચિલ્ડ્રનપાર્કની વિગત : પત્રક-૨ | ૯ થી ૧૦ |
| ૦૫ | કામગીરીઓની શરતો અને સમજૂતીઓ | ૧૧ થી ૧૭ |
| ૦૬ | લાયકાતની વિગતો | ૧૮ |
| ૦૭ | પ્રાઇઝ શીડ્યુલ | ૧૯ |
| ૦૮ | બાંહેધરીનો નમુનો | ૨૦ |

## વેસ્ટઝોન વિસ્તારના જુદા જુદા બગીચાઓ, સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ. (દ્વિ-વાર્ષિક)

**સામાન્ય શરતો:**

1. ટેન્ડર ભરનાર એજન્સીએ અસલ (એ) ટેન્ડર ફી પેટે નેશનલાઈઝડ/શેડ્યુલ્ડ બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ "રાજકોટ મહાનગરપાલિકા" (Rajkot Municipal Corporation) payble at Rajkot ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ, (બી) અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે નેશનલાઈઝડ/શેડ્યુલ્ડ બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ "રાજકોટ મહાનગરપાલિકા" (Rajkot Municipal Corporation) payble at Rajkot ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ તથા (સી) નોન-બ્લેક લીસ્ટેડ બોન્ડ: બિડર ટેન્ડરીંગનાં સમયે ભારતભરમાં ક્યાંય બ્લેક લીસ્ટ ન થયેલ હોવા બાબતેનો રૂ.૩૦૦/- ના નોન-જ્યુડીસીઅલ સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ બાંહેધરી (નોન-બ્લેક લીસ્ટેડ બોન્ડ) ટેકનીકલ બીડમાં સામેલ રાખી સીલબંધ કવરમાં ડાયરેક્ટરશ્રી(પાર્ક & ગાર્ડન), બગીચા શાખા, રૂમ નં.-૧બી, બીજો માળ, સેન્ટ્રલ ઝોન, ડો.આંબેડકર ભવન, રાજકોટ મહાનગરપાલિકા રાજકોટ-૩૬૦૦૦૧ને નિયત સમય મર્યાદામાં પહોંચતુ કરવાનું રહેશે. કવર ઉપર "બગીચા શાખા દ્વારા ઝોનલ કામગીરીઓ માટે દ્વિ વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટ (ઇસ્ટ ઝોન-૧/ઇસ્ટ ઝોન-૨/સેન્ટ્રલ ઝોન-૧/સેન્ટ્રલ ઝોન-૨/વેસ્ટ ઝોન-૧/વેસ્ટ ઝોન-૨) એ પ્રમાણે સ્પષ્ટ લખવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ ટેકનીકલ બીડનું સીલબંધ કવર માન્ય રહેશે નહીં.
2. **બિડરે લાયકાતના તમામ ડોક્યુમેન્ટસ અસલ / સ્વપ્રમાણિત કરી ફરજીયાત (n) procure પર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.** ટેન્ડરમાં જણાવ્યા મુજબ ટેન્ડર ફી, અર્નેસ્ટમની ડીપોઝીટ તથા લાયકાતના તમામ ડોક્યુમેન્ટ અપલોડ કર્યા હશે તેનું જ ટેન્ડર માન્ય રહેશે અને તેનું જ પ્રાઈઝબીડ ખોલવામાં આવશે. બિડરે અપલોડ કરેલ તમામ દસ્તાવેજો વેરીફીકેશન સમયગાળા દરમ્યાન ખરાઈ કરાવી જવાની રહેશે.
3. ટેકનીકલ બીડમાં જરૂરી લાયકાતનાં ડોક્યુમેન્ટસ, ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરેલ હશે અને લાયકાત ધરાવતા હશે એ જ એજન્સીઓનાં પ્રાઇઝબીડ ખોલવામાં આવશે.
4. ભાવ (n) procure પર ફક્ત ઓનલાઇન ઇલેક્ટ્રોનીક ફોર્મેટમાં %(ટકા) વધુ/ઓછા/બરાબર ભાવ ભરવાના રહેશે.
5. જે બીડરનું ટેન્ડર મંજુર થશે, તેમના અર્નેસ્ટમની ડીપોઝીટના નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ અર્નેસ્ટમની ડીપોઝીટની માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.
6. ભાગીદારીમાં ભરવામાં આવેલ ટેન્ડર માન્ય રહેશે નહી
7. સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતનું ઉંમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે. જે રજુ કરવાનું રહેશે.
8. ટેન્ડર મંજુર કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા સ્ટેન્ડીંગ કમિટી, રાજકોટ મહાનગરપાલિકાને મોકલવામાં આવશે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
9. પ્રાઇઝબીડ ખોલ્યા બાદ ટેન્ડર ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે.

10. ભાવ મંજુર થયે બીડરે એસ્ટીમેટની રકમ ૩.૧,૧૮,૯૦,૦૦૦/- પર ભરવામાં આવેલ ભાવ મુજબ કામગીરીની કુલ કીંમતના ૫% લેખે સિકયોરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. (If the contract price offered by the selected bidder is lower than 10% to upto lower 20% of the estimated project cost than the additional performance security shall be calculated @ 20% of the difference in the estimated project cost minus 10% of the estimated project cost and contract price offered by the selected bidder. If the contract price offered by the selected bidder is lower than 20% of the estimated project cost than the additional performance security shall be calculated @ 30% of the difference in the estimated project cost minus 10% of the estimated project cost and contract price offered by the selected bidder. The additional performance security shall be treated as part of the performance security.) સિકયોરીટી ડીપોઝીટની રકમ રોકડેથી કે ચેકથી ભર્યેના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકાની હિસાબી શાખામાં રકમ ભર્યા બદલની અસલ પહોંચ રજુ કરી રૂા.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. બિડરે રાજકોટ મહાનગરપાલિકાની ફેવરમાં સિકયોરીટી ડીપોઝીટની રકમ ભરી કરારનામું દિન-૦૭માં કરી આપવાનું રહેશે. કરારનામાનો મુસદો બગીચા શાખામાંથી મેળવી લેવાનો રહેશે.

11. બીડર દ્વારા સિકયોરીટી ડીપોઝીટની રકમ એફ.ડી.આર.ના સ્વરૂપમાં આપવામાં આવે તો રાજકોટ ખાતેની નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકની રાજકોટ મહાનગરપાલિકા તથા બીડરના સંયુકત નામની એફ.ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાડી તેના પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી બગીચા શાખામાં નિયત સમયમાં રજુ કરવાની રહેશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ ફિકસ ડીપોઝીટ રીસીપ્ટના માધ્યમથી ભરવાના કિસ્સામાં સિકયોરીટી ડીપોઝીટના કુલ રકમના ૪.૯૦% પ્રમાણેના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોંધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડયુટીમાં ફેરફાર થશે તો તે આપો આપ બિડરને લાગુ પડશે. બિડર નિયત સમયમાં કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો બિડરની અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ કોઇ પણ અન્ય બીડરને આપી શકશે.

12. બિડરનું કામ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયે બિડર દ્વારા સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ તે સમય દરમ્યાન કોઈ કામ એજન્સીની બેદરકારીને કારણે ખરાબ થયેલ અથવા નુકશાન પામેલ માલુમ પડશે તો તે કામ કોન્ટ્રાકટરે દુરસ્ત કરી આપવાનું રહેશે. અને જો તેમ કરવામાં નાકામીયાબ નિવડશે તો દુરસ્તી તેને ખર્ચે અને જોખમે કોર્પોરેશન તરફથી કરાવી લેવામાં આવશે અને તે પૈકીના થયેલ ખર્ચ સીકયુરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે. (*કુદરતી આફતો કે માનવસર્જિત નુકશાની સિવાય)

13. સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ ઇન્કમ ટેક્ષ / અન્ય કરની રકમ નિયમાનુસાર બિડરનાં બીલમાંથી કાપવામાં આવશે. બીડરે ટેન્ડરમાં સરકારશ્રીનાં જી.એસ.ટી. સીવાયનાં તમામ ટેક્ષ / કર સાથેના ભાવ આપવાના રહેશે. સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવતી જી.એસ.ટી.ની રકમ જે લાગુ પડશે તે બીડરને મંજુર થયેલ ભાવ ઉપરાંત ચુકવવામાં આવશે. બીડરે બીલ જી.એસ.ટી. સાથેનું રજુ કરવાનું રહેશે.

14. **પ્રોફેશનલ ટેક્ષ:** બિડરે સરકારશ્રીના વખતોવખતનાં નિયમો મુજબ ભરવાનો બિડરનો તેમજ કર્મચારીનો વ્યવસાય વેરો ભરપાઈ કરી, ભરેલ વ્યવસાય વેરાની પહોંચની નકલ બિલ સાથે રજુ કરવાની રહેશે.

15. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કોઇ પણ જાતનું કારણ દર્શાવ્યા સીવાય ટેન્ડર રદ કરી શકશે.

16. આ કરાર અંગે કોઇ વાદવિવાદ ઉપસ્થીત થશે તો, તે ફકત રાજકોટ જયુરીશડીકશનમાં જ ચાલી શકશે.

17. બીલ રજુ કર્યા બાદ ચુકવણું કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. બીલની રકમ સીધી બીડરના ખાતામાં **ECS**થી જમા કરવામાં આવશે. બીડરે બેંક એકાઉન્ટની વિગત રજુ કરી વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

18. કોન્ટ્રાકટરે/ કામ રાખનારે બીલ એમાઉન્ટના ૧% (એક ટકા) લેબર સેસ ભરવાની રહેશે.

19. આ કામગીરી દરમ્યાન કર્મચારીને કોઇ પણ અકસ્માત, ઇજા કે મૃત્યુ થશે તો તેની જવાબદારી બિડરની રહેશે. આ બાબતે કર્મચારીને કોઈ વળતર ચુકવવાનું થશે તો તે બિડર દ્વારા ચુકવવાનું રહેશે. તે માટે રાજકોટ મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

20. કોન્ટ્રાકટરે અઢાર વર્ષથી ઓછી ઉંમરના કોઈ વ્યક્તિને કામે રાખી શકશે નહિં તેમજ કામ ઉપર જે માણસને રાખવાની ડાયરેકટર (પી & જી) મનાઈ કરે તે માણસને રાખવાના રહેશે નહી.

21. કામ ઉપર કોન્ટ્રાકટરે પોતે અથવા તેના વતી કોઈ જવાબદાર વ્યક્તિને જરૂરીયાત મુજબ હાજર રાખવાના રહેશે

22. ચાલુ કામે અન્ય આસામીઓની મિલકતને અગર જાનમાલને કે કોઈ વ્યક્તિને કોઇપણ પ્રકારનાં નુકશાન માટેની તમામ જવાબદારી કોન્ટ્રાકટ રાખનારની રહેશે. અને તે માટે કોઈપણ વળતરની રકમ ચુકવાની થાય તો તે કોન્ટ્રાકટરે ભરી આપવાની રહેશે જો કોન્ટ્રાકટર અમલ ન કરે તો તેવા વળતર વિગેરેની રકમ તેનાં બીલોમાંથી કાપી લેવામાં આવશે.

23. ટેન્ડર ભરનાર એજન્સીએ સરકારશ્રીના પ્રવર્તમાન તેમજ વખતો વખતના કાયદાનું પાલન કરવાનું રહેશે.

24. આ કામના **<u>ટેન્ડરની મુદ્દત ૨(બે) વર્ષ</u>**ની છે તેમજ બે વર્ષ પૂર્ણ થયા બાદ નવો કોન્ટ્રાકટ આપવામાં કોઈ કારણસર મોડું થશે તો કોન્ટ્રાકટ વધુ છ માસ સુધી લંબાવી શકાશે. લંબાવેલ મુદ્દત દરમ્યાન મંજુર થયેલ ભાવ મુજબ જ કામગીરી કરવાની રહેશે.

25. ટેન્ડરની કોઇ પણ શરતના ભંગ બદલ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) સુધિની પેનલ્ટી નાયબ કમિશનર કરી શકશે. તે પ્રમાણેની રકમ બિડરે રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાની રહેશે અથવા બિલમાંથી વસુલાત કરવામાં આવશે.

26. આ કોન્ટ્રાકટ દરમ્યાન બિડર દ્વારા કોઇપણ પ્રકારની ગેરરીતી આચરતા હોવાનું માલુમ પડશે અને રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાની પહોંચે કે કોઇ પણ પ્રકારનું આર્થિક નુકશાન થતું હોવાનુ માલુમ પડશે તો આ કોન્ટ્રાકટ રદ કરી શકાશે તેમજ કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટ ફોરફીટ કરી શકાશે તથા કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકાનાં કામ માટે બ્લેક લીસ્ટ કરી શકાશે. આ બાબતે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

27. ટેન્ડર સંબંધી કોઇ વાંધો હોય તો, બીડરે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે. આ બાબતે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે

28. આ કામ સંબંધે કોઇ શરતોમાં સમાવેશ થતો ન હોય અથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઇ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો કમિશનરશ્રી રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય અંતિમ રહેશે. તે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે. સંજોગોવશાત જરૂરિયાત ઉપસ્થિત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા. આ કોન્ટ્રાકટ રદ કરી શકશે.

29. **પ્રિ-બિડ મિટીંગ:** પ્રિ-બિડ મિટીંગ તા.૧૯/૦૩/૨૦૨૫નાં રોજ ૧૧:૦૦ વાગ્યે નાયબ કમિશનરશ્રીની કચેરી, ઈસ્ટ ઝોન, ભાવનગર રોડ, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ ખાતે રાખવામાં આવશે. સંબંધકર્તા બિડર પ્રિ-બિડ મિટીંગમાં રજુઆત કરી શકશે અથવા રજુઆતની વિગત તા.૧૮/૦૩/૨૦૨૫; ૧૬:૦૦ કલાક સુધિમાં અત્રેની કચેરી ખાતે ફીઝીકલી કે ઈ-મેઈલ : garden.rmc@gmail.com પર મોકલી શકાશે. જે રજુઆત ધ્યાને લઈ આ બાબતે લેવામાં આવેલ નિર્ણયની મિનટસ ઓફ પ્રિ-બીડ મિટીંગ ઓનલાઈન અપલોડ કરવામાં આવશે. જે ફાઈનલ માન્ય રહેશે.

30. **એનહાન્સમેન્ટ ફેકટર ફોર ફાઇનાન્સીયલ (અનુભવ અને ટર્ન ઓવર માટે):**

| Sr. no. | Year | Enhancement Factor |
|---|---|---|
| 01 | Year of inviting tender (e.g.-2024-25) | 1.00 |
| 02 | -1 (2023-24) | 1.10 |
| 03 | -2 (2022-23) | 1.21 |
| 04 | -3 (2021-22) | 1.33 |
| 05 | -4 (2020-21) | 1.46 |
| 06 | -5 (2019-20) | 1.61 |
| 07 | -6 (2018-19) | 1.77 |
| 08 | -7 (2017-18) | 1.95 |

31. નોંધપાત્ર રીતે કામ પૂર્ણ કરેલ (Substantially completed works) હોવાના અનુભવનું પ્રમાણપત્ર: Substantially completed works means those works which are at least 90% completed as on the date of submission (i.e gross value of work done up to the last date of submisson is 90% or more of the original contract price) and continuing satisfactorily.

**ખાસ શરતો:**

1. એજન્સીએ કામ પર રાખેલ કામદારોને આઈ કાર્ડ તથા યુનિફોર્મ/એપ્રોન/ઝાકીટ (કર્મચારીની ઓળખ માટે) સ્વખર્ચે આપવાના રહેશે અને આઈ કાર્ડ તથા યુનિફોર્મ/એપ્રોન/ઝાકીટ સાથે જ ફરજ સોંપવાની રહેશે.
2. જો કોન્ટ્રાકટર કામગીરી નહિ કરે કે ચાલુ કામ છોડી જતાં રહેશે, અગર કામ બંધ કરી દેશે તો મહાનગરપાલિકા તેમના ખર્ચે અને જોખમે કામ ચાલુ કરી શકશે. આમ કરવામાં વધુ ખર્ચે થશે તો કોન્ટ્રાકટર પાસેથી કાયદેસર રીતે વસુલ કરી શકશે અને આ ઉપરાંત તેમની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે અન્ય બીજા કોન્ટ્રાકટર પાસે કામ શરૂ કરાવી શકાશે.
3. જે બગીચામાં રાજકોટ મહાનગરપાલિકાનું વીજ કનેક્શન છે તે બગીચામાં વિજ વપરાશનું બિલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભરપાઈ કરવામાં આવશે, એજન્સી દ્વારા બગીચાના ઉપયોગ સિવાય અન્ય કોઈ હેતુ માટે આ વિજ કનેક્શનમાંથી વિજ વપરાશ કરી શકાશે નહીં.

| -sd- | -sd- |
|---|---|
| આર.કે ચાવડા | ડૉ. બી.આર.જાકાસણીયા |
| ગાર્ડન સુપરવાઇઝર | નિયામક (પી&જી) |
| રાજકોટ મહાનગરપાલિકા | રાજકોટ મહાનગરપાલિકા |

**રાજકોટ મહાનગરપાલિકા**

**બગીચા શાખા**

**ભાવપત્રક**

કામનું નામ: વેસ્ટઝોન વિસ્તારના જુદા જુદા બગીચાઓ, સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ.

| ક્રમ | વિગત | બગીચાની સંખ્યા | જથ્થો ( ચો.મી.) | ભાવ | વર્ષ | દર | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બગીચા જાળવણી અને નિભાવણી કરવાનું કામ (પાઇપ ,સાવરણા, દાંતરડા વિગેરે તમામ જરૂરી ગાર્ડન ઓજારો સાથે) | ૫ | 24743.00 | 105.00 | 2.00 | વાર્ષિક ચો.મી. | 5196030.00 |
| ૨ | સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્ક બગીચાની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ | ૩૪ | 37143.00 | 90.00 | 2.00 | વાર્ષિક ચો.મી. | 6685740.00 |
| | | | | | | **Total** | 11881770.00 |
| | | | | | | **Total** | 11890000.00 |

| | |
|---|---|
| **-sd-** | **-sd-** |
| **આર.કે ચાવડા** | **ડૉ. બી.આર.જાકાસણીયા** |
| **ગાર્ડન સુપરવાઇઝર** | **નિયામક (પી&જી)** |
| **રાજકોટ મહાનગરપાલિકા** | **રાજકોટ મહાનગરપાલિકા** |

**રાજકોટ મહાનગરપાલિકા**

**બગીચા શાખા**

**બગીચાઓની વિગત**

**પત્રક-૧**

કામનું નામ: વેસ્ટઝોન વિસ્તારના જુદા જુદા બગીચાઓ, સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ.

| ક્રમ | બગીચાનું નામ | વોર્ડ | બગીચા નો વિસ્તાર (અંદાજ ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | રામેશ્વરપાર્કની બાજુમાં,(રૈયા) ટી.પી. સ્કિમનં ૨૨, ફાઇનલ પ્લોટનં ૫૨/એ-માં બગીચો તેમજ બાલક્રિંડગણ | ૧ | 2860.00 |
| ૨ | વીમલનગર સોસા. બાલક્રિડાંગણ | ૧૦ | 2925.00 |
| ૩ | નિલ્સ સીટી સીનીયર સીટીઝન પાર્ક | ૧૦ | 4699.00 |
| ૪ | જે.કે ચોક પાસે આવેલ ગાર્ડન | ૧૦ | 1956.00 |
| ૫ | વોર્ડ નં.૧૨ તપન હાઈટસ પાસે ટી.પી. સ્કીમ નં.૧૫ (વાવડી) એફ.પી. નં.૫૨/એફ માં ગાર્ડન | ૧૨ | 12303.00 |
| | કૂલ ચો.મી | | 24743.00 |

**-sd-**
**આર.કે ચાવડા**
**ગાર્ડન સુપરવાઇઝર**
**રાજકોટ મહાનગરપાલિકા**

**-sd-**
**ડૉ. બી.આર.જાકાસણીયા**
**નિયામક (પી&જી)**
**રાજકોટ મહાનગરપાલિકા**

**રાજકોટ મહાનગરપાલિકા**

**બગીચા શાખા**

**સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની વિગત**

**પત્રક-૨**

કામનું નામ: વેસ્ટઝોન વિસ્તારના જુદા જુદા બગીચાઓ, સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ. (દ્વિ-વાર્ષિક)

| અનુ. નં. | સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કનું સ્થળ | વોર્ડ | બગીચા નો વિસ્તાર (અંદાજ ચો.મી.) |
|---|---|---|---|
| 1 | વોર્ડનં-૧, રૈયા ટી.પી.- ૨૨ એફ.પી.એન.-૨૮/એ જે.કે. પાર્ક શેરીનં-૧૩ કોહીનુર બિલ્ડીંગ પાસે બાલક્રીડાગણ | ૧ | 438.00 |
| 2 | વોર્ડ-૧ રૈયા ટી.પી.-૨૨ એફ.પી.એન.-૨૭ એ, જેકે પાર્કનો લાગુ ગાર્ડન | ૧ | 1404.00 |
| 3 | વોર્ડનં-૧, રૈયા ટી.પી.- ૨૨ એફ.પી.એન.-૪૦/ બી કૈલાશધારા પાર્ક શેરી નં-૧૩ માં આવેલ બાલક્રીડાગણ | ૧ | 593.00 |
| 4 | વોર્ડનં-૧, રૈયા ટી.પી.- ૨૨ એફ.પી.એન.-૩૪/એ રુકમણી નગર ને લાગુ બાલક્રીડાગણ | ૧ | 566.00 |
| 5 | પંચવટી મે. રોડ પરનું બાલક્રિડાંગણ | ૮ | 908.00 |
| 6 | પર્ણ કુટીર સોસા.(એસ્ટ્રોન સોસા) સિનિયર સીટીઝન પાર્ક | ૮ | 1124.00 |
| 7 | વેસ્ટઝોન કચેરીની આસપાસનો ગાર્ડન | ૮ | 800.00 |
| 8 | હાઉસિંગ બોર્ડ ને લાગુ (રેલ્વે પાટાની બાજુમાં) – સીનીયર સીટીઝન પાર્ક | ૮ | 2741.00 |
| 9 | જગન્નાથ સોસા. બ્લોક નં. ૬૫,૬૬ અને ૬૭ ની સામેનું બાલક્રિડાંગણ | ૮ | 655.00 |
| 10 | નટરાજ નગર મે.રોડ પરના પ્લોટ માં બાલક્રિડાંગણ | ૯ | 573.00 |
| 11 | નિલકંઠનગર શેરી નં. ૨ માં આવેલ બાલક્રિડાંગણ | ૯ | 1420.00 |
| 12 | નિલકંઠનગર યોગેશ્વર એપાર્ટમેન્ટ પાસેનું બાલક્રિડાંગણ | ૯ | 1700.00 |
| 13 | ક્રિડવાઈનગરમાં આવેલ સિનિયર સીટીઝન પાર્ક | ૯ | 2095.00 |
| 14 | પંચાયત ચોકમાં આવેલ ટ્રાફીક આયલેન્ડ-૨ | ૯ | 600.00 |
| 15 | મંગલમ પાર્ક પાસેનું બાલક્રિડાંગણ | ૯ | 1460.00 |
| 16 | બોમ્બે હા. સો. બાલક્રિડાંગણ | ૯ | 800.00 |
| 17 | જ્ઞાનગંગા સ્કુલની સામેનો બાલક્રિડાંગણ | ૯ | 131.00 |
| 18 | યક્ષરાજ એપાર્ટમેન્ટપાસે આવેલ સિનિયર સીટીઝન પાર્ક | ૯ | 2000.00 |
| 19 | ગંગોત્રી પાર્ક સોસા. માં આવેલ બાલક્રિડાંગણ | ૯ | 800.00 |
| 20 | સાધુવાસવાણી રોડ આવસની ની બાજુમાં ચીલ્ડ્રન પાર્ક | ૯ | 90.00 |
| 21 | ગોલ્ડન પાર્ક સીનિયર સીટીઝન પાર્ક | ૯ | 2150.00 |

| | | | |
|---|---|---|---|
| 22 | વોર્ડ નં ૯ ની વોર્ડ ઓફીસની પાછળ આવેલ સીનીયર સીટીઝન પાર્ક | ૯ | 296.00 |
| 23 | જયોતીનગર ચોક ત્રીકોણ બાલક્રિડાંગણ | ૧૦ | 592.00 |
| 24 | રવી પાર્ક પાસે આવેલ આવાસની બાજુમાં બાલક્રિડાંગણ | ૧૦ | 263.00 |
| 25 | વિષ્ણુવિહાર સોસા. બાલક્રિડાંગણ | ૧૦ | 3600.00 |
| 26 | રોયલ હોલ, યુનિ. રોડ પરનું બાલક્રિડાંગણ | ૧૦ | 650.00 |
| 27 | રાવલનગર સોસા. બાલક્રિડાંગણ | ૧૦ | 700.00 |
| 28 | શારદાનગર પી. એન્ડ ટી. પાસે કુવાની બાજુમાં બાલક્રિડાંગણ | ૧૦ | 515.00 |
| 29 | શારદાનગરને લાગુ એસ. એન. કે. પાછળ બાલક્રિડાંગણ | ૧૦ | 432.00 |
| 30 | શ્રી રંગનગર સોસા. બાલક્રીડાગંણ | ૧૦ | 224.00 |
| 31 | દિપવન પાર્ક પાસે આવેલ સીનીયર સીટીઝન પાર્ક | ૧૦ | 1322.00 |
| 32 | જેટકો ચોકડી પાસે આવેલ ગાર્ડન (મવડી ટી.પી. ૨૭ એફ.પી.૬૯/એ) | ૧૧ | 1731.00 |
| 33 | ગોવિંદરત્ન બંગલાવાળા મેં. રોડ પરનું સીનીયર સીટીઝન પાર્ક | ૧૧ | 2142.00 |
| 34 | જેટકો ચોકડી પાસેનું સીનીયર સીટીઝન પાર્ક –૨ (મોવડી ટી.પી. ૨૭ એફ.પી.- ૬૯/બી) | ૧૧ | 1628.00 |
| TOTAL | | | 37143.00 |

**-sd-**
**આર.કે ચાવડા**
**ગાર્ડન સુપરવાઇઝર**
**રાજકોટ મહાનગરપાલિકા**

**-sd-**
**ડૉ. બી.આર.જાકાસણીયા**
**નિયામક (પી&જી)**
**રાજકોટ મહાનગરપાલિકા**

## રાજકોટ મહાનગરપાલિકા
## (બગીચા શાખા)
## વેસ્ટઝોન વિસ્તારના જુદા જુદા બગીચાઓ, સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ. (દ્વિ-વાર્ષિક)

### <u>કામગીરીઓની શરતો અને સમજૂતીઓ</u>

**(૦૧) <u>બગીચા જાળવણી અને નિભાવણી કરવાનું કામ કચરાના નિકાલ સાથે (લોન મુવર, હેઝ કટર, પાઇપ, સાવરણા, દાંતરડા વિગેરે તમામ જરૂરી ગાર્ડન ઓજારો સાથે):</u>**

**ગાર્ડન નિભાવણી માટે કામગીરીનું શેડયુલ પત્રક નીચે મુજબ છે. જે મુજબ કામગીરી કરવાની રહેશે.**

| દૈનિક કામગીરી | અઠવાડિક કામગીરી | માસિક કામગીરી | વાર્ષિક કામગીરી |
|---|---|---|---|
| - સમગ્ર બગીચાની સફાઈ<br>- એકત્ર કરેલ કચરાનો નિકાલ<br>- લોન, હેઝ તથા લાઈવ વિસ્તારમાં પિયત (ઋતુ આનુંસંગીક)<br>- ડસ્ટબીનના કચરાનો નિકાલ<br>- ટોયલેટ બાથરૂમની સફાઈ<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી | - લાલ માટી વાળા વોકીંગ ટ્રેકમાં પાણીનો છટકાવ<br>- બાલક્રીડાંગણમાં ભોગાવો રેતીનું લેવલીંગ<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી | - સંપૂર્ણ બગીચામાં નિંદામણ<br>- લોન કટીંગ, હેઝ કટિંગ, ઓર્નામેન્ટલ પ્લાન્ટસ કટીંગ<br>- ઓર્નામેન્ટલ પ્લાન્ટસના ખામણા<br>- નાશ પામતા ફૂલ છોડ, રોપા, લોનનું ગેપ ફીલિંગ કરવું.<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી | - માટી ખાતરનું સ્મીયરીંગ કામ<br>- વોકિંગ પાર્કમાં લાલ માટી પુરાણ તથા લેવલીંગ<br>- પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ સુચના મુજબ<br>- ખાતરનો છટકાવ<br>- મોટા વૃક્ષોનું ટ્રીમીંગ<br>- મોટા વૃક્ષોને ગેરુ-ચૂનો કરવો.<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી |

ઉપરોક્ત શેડ્યુલ મુજબની કામગીરી કરવા માટે નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૦૧. <u>બગીચાની નિભાવણી માટે સ્ટાફ:</u> બગીચાની દૈનિક નિભાવણી માટે ઋતુ આનુસાંગિક જરૂરીયાત મુજબ કામદારો રાખવાના રહેશે. કામદારો દ્વારા થતાં દૈનિક કામગીરીના સુપરવિઝન માટે જરૂરી સ્ટાફ / સુપરવાઇઝર રાખવાના રહેશે.

૦૨. <u>આઇ કાર્ડ તથા યુનિફોર્મ:</u> એજન્સીએ કામ પર રાખેલ કામદારોને આઈ કાર્ડ તથા યુનિફોર્મ/એપ્રોન/ઝાકીટ (કર્મચારીની ઓળખ માટે) સ્વખર્ચે આપવાના રહેશે અને આઈ કાર્ડ તથા યુનિફોર્મ/એપ્રોન/ઝાકીટ સાથે જ ફરજ સોંપવાની રહેશે.

૦૩. બગીચાનાં સંપૂર્ણ વિસ્તારમાં દરરોજ સફાઈ કરવાની રહેશે. ગાર્ડનના રસ્તાઓ, લોન પ્લોટ, બાલક્રીડાંગણ, ફીઝીકલ ફિટનેસ ઝોન વગેરેની સફાઈ કામગીરી પાનખર ઋતુ દરમ્યાન (૧૬-ડીસેમ્બર થી ૧૫-માર્ચ) દિવસમાં બે વખત એટલે કે સવારે અને બપોર પછી કરવાની રહેશે. દૈનિક સફાઇ દરમિયાન નિકળતા કચરાને એકત્રિત કરી નિશ્ચિત જગ્યાએ ભેગો કરી કચરાનું વર્ગીકરણ (ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક) કરી કચરાનો નિકાલ કરવાનો રહેશે. ઈનોર્ગેનિક (પ્લાસ્ટીક કે અન્ય) કચરાનો દૈનિક નિકાલ રાજકોટ

મહાનગરપાલિકાના ટીપરવાનમાં કે નજીકનાં ગાર્બેઝ સ્ટેશન ખાતે કરવાનો રહેશે. ઓર્ગેનિક (ઝાડના પાન, ડાળી, લોન/હેઝ કટીંગ, નિંદામણ વિગેરે) કચરાનો દૈનિક નિકાલ કમ્પોસ્ટ પીટમાં કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવે તે જગ્યાએ કરવાનો રહેશે. પબ્લિક દ્વારા નાખવામાં આવતા પ્લાસ્ટિક, કાગળ, કપ વગેરે પ્રકારનો ઘન કચરો દિવસમાં ત્રણ વખત (સવારે, બપોરે, સાંજે) ઉપાડવાનો રહેશે. આ કચરાનો ઢગલો બગીચામાં કોઇપણ જગ્યાએ ખુલ્લો રાખી શકાશે નહીં. દૈનિક કચરાના નિકાલ માટે અન્ય કોઇ વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહીં. જયાં કમ્પોસ્ટ પિટ બનાવામાં આવેલ હોય તે કમ્પોસ્ટ પિટની એજન્સીએ સ્વખર્ચે જાળવણી કરવાની રહેશે. સફાઇને લગત તમામ સાવરણા, સલાખા તથા કચરાની બેગ વિગેરે તમામ સાધન સામગ્રી એજન્સીએ લાવવાની રહેશે.

૦૪. બગીચામાં રહેલ તમામ ડસ્ટબીનમાંથી દરરોજ કચરો ખાલી કરવાનો રહેશે.

૦૫. બગીચાના લોન પ્લોટ, લાઈવહેઝ, એર્નામેન્ટલ પ્લાન્ટસ વિગેરે વિસ્તારને જરૂરીયાત મુજબ પિયત આપવાનું રહેશે. પિયત આપતી વખતે એક જગ્યાએથી પાણી આપવું નહીં, પરંતુ પાણીનો ફુવારા રૂપે છંટકાવ કરવો. તેમજ આ માટે જરૂરી પાણીના મુવેબલ પાઈપ, ફુવારા કે અન્ય જરૂરી સાધન સામગ્રી એજન્સીએ સ્વ ખર્ચે વસાવવાની/લાવવાની રહેશે.

૦૬. બગીચાઓની નિભાવણી માટેનો જરૂરી પાણીનો પૂરવઠો કોર્પોરેશન તરફથી પૂરો પાડવામાં આવશે. જેમાં હયાત વાલ્વ, હાઈડ્રન્ટ વગેરે સાચવીને વાપરવાનાં રહેશે. વાલ્વ, હાઈડ્રન્ટ ખરાબ થયે જરૂરી રીપેરીંગ એજન્સી દ્વારા સ્વ-ખર્ચે તાત્કાલિક કરાવવાનું રહેશે. તથા ૨૫ મી.મી. સુધિની લાઈન એજન્સી દ્વારા સ્વ-ખર્ચે તાત્કાલિક રીપેરીંગ કરાવવાની રહેશે. ૨૫ મી.મી. થી મોટી લાઈન કે તેના વાલ્વ રીપેરીંગ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરી આપવામાં આવશે. તેમજ કોઈ જગ્યાએ નવી લાઈન કે વાલ્વ નાખવાના થશે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાખી આપવામાં આવશે. જે બગીચામાં બગીચાની નિભાવણી માટે ઈલેક્ટ્રીક પમ્પ (પાણી માટે)નો ઉપયોગ થતો હોય, તે ઈલેક્ટ્રીક પમ્પની જાળવણી-નિભાવણી-રીપેરીંગ કોન્ટ્રાક્ટરે સ્વ-ખર્ચે કરવાની રહેશે. સંજોગો વસાત ઈલેક્ટ્રીક પમ્પ રીપેરીંગ થઈ શકે તેમ ન ત્યારે, રાજકોટ મહાનગરપાલિકાનાં મિકેનિકલ વિભાગનો ઈલેક્ટ્રીક પમ્પ રીપેરીંગ થઈ શકે તેમ ન હોવા બાબતનો અભિપ્રાય મળ્યે નવો ઈલેક્ટ્રીક પમ્પ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સપ્લાય કરવામાં આવશે.

૦૭. બગીચાના ઢોળાવ વિસ્તારમાં ઉનાળાની ઋતુમાં જરૂરીયાત મુજબ પિયત આપવાનું રહેશે. બગીચાના નિચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો થવો ન જોઈએ કે પિયત વખતે પાણીનો બગાડ થવો ન જોઈએ.

૦૮. બગીચા વિસ્તારમાં જયારે જયારે પાણી વિતરણ વ્યવસ્થા અવ્યવસ્થિત હોય તેવા સંજોગોમાં રાત્રીના સમય/વહેલી સવારે/બપોરના રીશેષના સમયે પિયત આપવાની વ્યવસ્થા મુળ કામગીરીમાં ગોઠવવાની રહેશે.

૦૯. લાલમાટીના વોકીંગ ટ્રેકમાં પાણીનો છંટકાવ કરવાનો રહેશે.

૧૦. લાલમાટીના વોકીંગ ટ્રેકમાં પડી ગયેલ ખાડા નિયમિત પુરી અને તેનુ લેવલીંગ કરવવાનું રહેશે.

૧૧. બાલક્રીડાંગણના પ્લે એરીયાના ખાડા નિયમિત પુરી અને તેનુ લેવલીંગ કરવવાનું રહેશે.

૧૨. બગીચાનો સંપૂર્ણ વિસ્તાર નિંદામણ મુકત રાખવાનો રહેશે તેમજ જરૂર જણાયે સૂચના પ્રમાણે નિંદામણ કરવાનું રહેશે

૧૩. બગીચામાં માસીક કામગીરીમાં લોન કટીંગ, હેઝ કટીંગ બાદ શોભાના રોપાઓનાં ખામણા ખોદી અને નિંદામણ મુકત રાખવાના રહેશે.

૧૪. લોન પ્લોટ, લાઈવહેઝ અને અન્ય અલંકૃત રોપાઓને જરૂરીયાત મુજબ, લોન મુવર અથવા મેંદી કાપવાની કાતર, કેચી વિગેરેથી કટીંગ કરી, જ્યાં લોન મુવર ન ચાલે તે ભાગે હાથથી લોન કટીંગ કરવાનું રહેશે.

૧૫ સ્મેયરીંગ કામગીરી: બગીચાના લોન પ્લોટમાં સ્મિયરીંગ દર વર્ષે ઓફીસની સુચના મુજબ શિયાળાની ઋતુમાં કરી આપવાનું રહેશે.

(એ) બગીચામાં સ્મીયરીંગ માટે કાંપની માટીનો તેમજ ખાતરનો જરૂરી જથ્થો કોર્પોરેશન તરફથી જે તે સાઈટ ઉપર આપવામાં આવશે.

(બી) માટી/ખાતરથી લોન પ્લોટ, લાઈવ હેઝ વગેરેને સ્મીયરીંગ કરી આપવાનું રહેશે. સ્મીયરીંગ કર્યા બાદ તુરંત રેકસથી લોન પ્લોટ, લાઈવ હેઝ વગેરેમાં લેવલીંગ કરવાનું રહેશે.

(સી) સ્મીયરીંગ કર્યા બાદ, પિયત આપી, જમીન ભરભરી થયા બાદ, રેકસથી લેવલીંગ કરવાનું રહેશે. ત્યારબાદ બીન જરૂરી મટીરીયલ્સ વિણવાના રહેશે. જરૂર જણાયે ફરીથી રેક્સ દ્વારા કલ્ટીવેશન કરી આપવાનું રહેશે.

૧૬. ગેપ ફીલીંગ:- બગીચામાં રોપા, ઓર્નામેન્ટલ પ્લાન્ટસ કે હેઝમાં તથા લોનનું ગેપ ફીલીંગ દર વર્ષે જુન માસ (ચોમાસાની ઋતુ), નવેમ્બર માસ ( શિયાળાની ઋતુ) તથા જ્યારે સુચવવામાં આવે ત્યારે ગેઇપ ફિલીંગ કરવાનું રહેશે. ઉપરાંત ઋતુ આનુસંગીક જયારે જયારે રોપા તથા લોનને નુકશાન થશે તો પણ ગેપ ફીલીંગ કામગીરી કરવાની રહેશે. ગેઈપ ફીલીંગ અને વાવેતર માટે જરૂરી રોપાઓ કોર્પોરેશન તરફથી ફાળવવામાં આવશે, જરૂરી પરિવહન કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાનું રહેશે. લોન બગીચાઓના અન્ય ભાગોમાંથી કટીંગ કરી, વાવેતર કરી આપવાનું રહેશે. આ આપવામાં આવેલ રોપા તથા લોનની પિયત અને જાળવણી નિભાવણી યોગ્ય રીતે કરવાની રહેશે. જો યોગ્ય રીતે પિયત કે જાળવણી નિભાવણીના અભાવને કારણે રોપા કે લોનને કોઈ નુકસાની થશે તો કોન્ટ્રાક્ટરે સ્વખર્ચે લાવી વાવેતર કરવાનું રહેશે અન્યથા રોપા/લોન સપ્લાયનો ખર્ચ બીલમાંથી કપાત કરવામાં આવશે.

૧૭. બગીચાની કમ્પાઉન્ડ દીવાલની બહારના વિસ્તારમાં (બગીચા અને રોડની વચ્ચે) ઉગી નીકળેલ ઘાસ, જાળી-ઝાખરા, નિંદામણ વગેરે દૂર કરી સફાઈ કરી આપવાની રહેશે. આ કામનું કોઈ અલગથી વધારાનું ચુકવણું કરવામાં આવશે નહીં.

૧૮. ખાતર: બગીચામાં રાસાયણીક ખાતરનો છંટકાવ દર વર્ષે શિયાળાની ઋતુ તથા ઉનાળાની ઋતુમાં જરૂરીયાત મુજબ, સૂચવામાં આવે તે પ્રમાણે છંટકાવ કરી આપવાનો છે. સેન્દ્રીય ખાતર કોર્પોરેશન આપશે.

૧૯. પેસ્ટ કંટ્રોલ કામગીરી: બગીચામાં પેસ્ટ કંટ્રોલની કામગીરી માટે ચોમાસા દરમ્યાન કિટકનાશક દવાનો જરૂર જણાયે છંટકાવ કરાવવાનો રહેશે તથા નિંદામણનાશક દવાનો છંટકાવ દર વર્ષે ચોમાસા દરમ્યાન સુચના મુજબ કરવાનો રહેશે. આ કામ માટે જરૂરી કિટક નાશક દવા તથા નિંદામણ નાશક દવાનો જથ્થો કોર્પોરેશન આપશે. આ કામગીરી માટે જરૂરી ડસ્ટર, સ્પ્રે વિગેરે કોન્ટ્રાકટરે સ્વખર્ચે લેવાના રહેશે.

૨૦. ટોયલેટની સફાઇ: જે બગીચામાં ટોયલેટ બાથરૂમની વ્યવસ્થા રાખવામાં આવેલ હોય તે જગ્યાએ ટોયલેટ બાથરૂમની દૈનિક સફાઇ એજન્સીએ કરવાની રહેશે. આ માટે સફાઇ કામદારની વ્યવસ્થા તથા સફાઇ માટે જરૂરી કેમીકલ, સાધન સામગ્રી એજન્સીએ સ્વખર્ચે કરવા લાવવાની રહેશે.

૨૧. બગીચામાં બિનધિકૃત બેનર/સ્ટીકર દૂર કરવાના રહેશે તથા બિનઅધિકૃત બેનર કે સ્ટીકર લગાવતા અટકાવાના રહેશે.

૨૨. બગીચાના રસ્તાઓની કિનારીઓમાં જયાં – જયાં બ્રીકની કિનારીઓ તથા વૃક્ષો છે, ત્યાં ગેરૂ – ચૂનો દર છ માસે વર્ષમાં બે વખત કરવાનો રહેશે. આ માટે જરૂરી સાધનો જેવા કે પીછડા, ડોલ, ડબ્બા વિગેરે કોન્ટ્રાકટરે લાવવાના રહેશે. ઈંટનો જરૂરી જથ્થો, ગેરૂ, ચૂનો, ગળી કોર્પોરેશન તરફથી પુરો પાડવામાં આવશે. રસ્તાઓની કિન્નારીઓમાં જયારે જયારે નુકશાની પામે અથવા છૂટી પડી જાય ત્યારે વ્યવસ્થિત કરવાની રહેશે. બગીચામાં જયાં – જયાં પાકા રસ્તા છે, ત્યાં રસ્તાઓ સાફ કરી અને સુચના થયે પાણીથી ધોવાના રહેશે.

૨૩. બગીચાની વિવિધ કામગીરી માટે જરૂરી ઓજારો જેમ કે લોનમુવર, હેઝ કટર, જનરેટર, વુડન કટર, દાતરડા, કોદાળી, ધારિયા, કુહાડી, ત્રીકમ, પરાઈ, કેચી, ડોલ, કુવારા, મેંદી કાપવાની કાતર, રેકસ, કોસ, રબ્બર હોઝ પાઈપ, પાણીના કુવારા, પાવડા, સ્પ્રે પંપ, ડસ્ટર તેમજ અન્ય જરૂરી તમામ ઓઝારો કામ રાખનાર કોન્ટ્રાકટરે સ્વખર્ચે વસાવવાના રહેશે. તેની સાચવણીની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૪. બગીચા વિસ્તારની અંદરના મોટા વૃક્ષોનું ટ્રીમીંગ સુચના મુજબ કરી આપવાનુ રહેશે. અકસ્માતે પડી ગયેલા વૃક્ષોનુ કટીંગ કરી સુચના મુજબની જગ્યાએ નિકાલ કરવાનો રહેશે. આ કામગીરી માટે વૃક્ષ પર ચડી કામ કરી શકે તેવા અનુભવી મજૂરો રાખવાના રહેશે.

૨૫. બગીચાના વિકાસને અનુરૂપ જે જે કામગીરી જયારે જયારે કરવાની થશે, આ ઉપરાંત શરતમાં સમાવેશ થયેલ ન હોય અને કામગીરી કરવી આવશ્યક હોય તે તમામ કામગીરી સુચના મુજબ કરવાની રહેશે.

૨૬. **<u>પેનલ્ટી:</u>** જે તે દિવસે ન કરવામાં આવેલ / યોગ્ય રીતે ન કરેલ કામગીરીના વિસ્તાર (ચો.મી.) મુજબ ન કરવામાં આવેલ પ્રત્યેક કામગીરી દિઠ પ્રતિ દિવસનાં મંજુર થયેલ ભાવની ૩ (ત્રણ) ગણી રકમ પેનલ્ટી તરીકે વસુલ કરવામાં આવશે. જે બિલ માંથી કપાત કરવામાં આવશે.

**(૦૨) <u>સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્ક બગીચાની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ:</u>**

**<u>સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કની</u> નિભાવણી માટે કામગીરીનું શેડયુલ પત્રક નીચે મુજબ છે. જે મુજબ કામગીરી કરવાની રહેશે.**

| દૈનિક કામગીરી | અઠવાડિક કામગીરી | માસિક કામગીરી | વાર્ષિક કામગીરી |
|---|---|---|---|
| - સમગ્ર બગીચાની સફાઈ<br>- એકત્ર કરેલ કચરાનો નિકાલ<br>- હેઝ તથા લાઈવ વિસ્તારમાં પિયત (ૠતુ આનુંસંગીક)<br>- ડસ્ટબીનના કચરાનો નિકાલ<br>- ટોયલેટ બાથરૂમની સફાઈ<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી | - લાલ માટી વાળા વોકીંગ ટ્રેકમાં પાણીનો છટકાવ<br>- બાલક્રીડાંગણમાં ભોગાવો રેતીનું લેવલીંગ<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી | - સંપૂર્ણ બગીચામાં નિંદામણ<br>- હેઝ કટિંગ, ઓર્નામેન્ટલ પ્લાન્ટસ કટીંગ<br>- ઓર્નામેન્ટલ પ્લાન્ટસના ખામણા<br>- નાશ પામતા ફૂલ છોડ, રોપાનું ગેપ ફીલિંગ કરવું.<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી | - માટી ખાતરનું સ્મીયરીંગ કામ<br>- વોકિંગ પાર્કમાં લાલ માટી પુરાણ તથા લેવલીંગ<br>- પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ સુચના મુજબ<br>- ખાતરનો છટકાવ<br>- મોટા વૃક્ષોનું ટ્રીમીંગ<br>- મોટા વૃક્ષોને ગેરુ-ચૂનો કરવો.<br>- ઉપરાંત સુચના મુજબની કામગીરી |

ઉપરોક્ત શેડ્યુલ મુજબની કામગીરી કરવા માટે નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૦૧. બગીચાની નિભાવણી માટે સ્ટાફ: બગીચાની દૈનિક નિભાવણી માટે ઋતુ આનુસાંગિક જરૂરીયાત મુજબ કામદારો રાખવાના રહેશે. કામદારો દ્વારા થતાં દૈનિક કામગીરીના સુપરવિઝન માટે જરૂરી સ્ટાફ / સુપરવાઇઝર રાખવાના રહેશે.

૦૨. આઇ કાર્ડ તથા યુનિફોર્મ: એજન્સીએ કામ પર રાખેલ કામદારોને આઈ કાર્ડ તથા યુનિફોર્મ/એપ્રોન/ઝાકીટ (કર્મચારીની ઓળખ માટે) સ્વખર્ચે આપવાના રહેશે અને આઈ કાર્ડ તથા યુનિફોર્મ/એપ્રોન/ઝાકીટ સાથે જ ફરજ સોંપવાની રહેશે.

૦૩. બગીચાનાં સંપૂર્ણ વિસ્તારમાં દરરોજ સફાઈ કરવાની રહેશે. ગાર્ડનના રસ્તાઓ, બાલક્રીડાંગણ, ફીઝીકલ ફિટનેસ ઝોન વગેરેની સફાઈ કામગીરી પાનખર ઋતુ દરમ્યાન (૧૬-ડીસેમ્બર થી ૧૫-માર્ચ) દિવસમાં બે વખત એટલે કે સવારે અને બપોર પછી કરવાની રહેશે. દૈનિક સફાઇ દરમિયાન નિકળતા કચરાને એકત્રિત કરી નિશ્ચિત જગ્યાએ ભેગો કરી કચરાનું વર્ગીકરણ (ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક) કરી કચરાનો નિકાલ કરવાનો રહેશે. ઈનોર્ગેનિક (પ્લાસ્ટીક કે અન્ય) કચરાનો દૈનિક નિકાલ રાજકોટ મહાનગરપાલિકાના ટીપરવાનમાં કે નજીકનાં ગાર્બેઝ સ્ટેશન ખાતે કરવાનો રહેશે. ઓર્ગેનિક (ઝાડના પાન, ડાળી, હેઝ કટીંગ, નિંદામણ વિગેરે) કચરાનો દૈનિક નિકાલ કમ્પોસ્ટ પીટમાં કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવે તે જગ્યાએ કરવાનો રહેશે. પબ્લિક દ્વારા નાખવામાં આવતા પ્લાસ્ટિક, કાગળ, કપ વગેરે પ્રકારનો ઘન કચરો દિવસમાં ત્રણ વખત (સવારે, બપોરે, સાંજે) ઉપાડવાનો રહેશે. આ કચરાનો ઢગલો બગીચામાં કોઇપણ જગ્યાએ ખુલ્લો રાખી શકાશે નહીં. દૈનિક કચરાના નિકાલ માટે અન્ય કોઇ વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહીં. જયાં કમ્પોસ્ટ પિટ બનાવામાં આવેલ હોય તે કમ્પોસ્ટ પિટની એજન્સીએ સ્વખર્ચે જાળવણી કરવાની રહેશે. સફાઇને લગત તમામ સાવરણા, સલાખા તથા કચરાની બેગ વિગેરે તમામ સાધન સામગ્રી એજન્સીએ લાવવાની રહેશે.

૦૪. બગીચામાં રહેલ તમામ ડસ્ટબીનમાંથી દરરોજ કચરો ખાલી કરવાનો રહેશે.

૦૫. બગીચાના લાઈવહેઝ, એર્નામેન્ટલ પ્લાન્ટસ વિગેરે વિસ્તારને જરૂરીયાત મુજબ પિયત આપવાનું રહેશે. પિયત આપતી વખતે એક જગ્યાએથી પાણી આપવું નહીં, પરંતુ પાણીનો ફુવારા રૂપે છંટકાવ કરવો. તેમજ આ માટે જરૂરી પાણીના મુવેબલ પાઈપ, ફુવારા કે અન્ય જરૂરી સાધન સામગ્રી એજન્સીએ સ્વ ખર્ચે વસાવવાની/લાવવાની રહેશે.

૦૬. બગીચાઓની નિભાવણી માટેનો જરૂરી પાણીનો પૂરવઠો કોર્પોરેશન તરફથી પૂરો પાડવામાં આવશે. જેમાં હયાત વાલ્વ, હાઈડ્રન્ટ વગેરે સાચવીને વાપરવાનાં રહેશે. વાલ્વ, હાઈડ્રન્ટ ખરાબ થયે જરૂરી રીપેરીંગ એજન્સી દ્વારા સ્વ-ખર્ચે તાત્કાલિક કરાવવાનું રહેશે. તથા ૨૫ મી.મી. સુધિની લાઈન એજન્સી દ્વારા સ્વ-ખર્ચે તાત્કાલિક રીપેરીંગ કરાવવાની રહેશે. ૨૫ મી.મી. થી મોટી લાઈન કે તેના વાલ્વ રીપેરીંગ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરી આપવામાં આવશે. તેમજ કોઈ જગ્યાએ નવી લાઈન કે વાલ્વ નાખવાના થશે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાખી આપવામાં આવશે. જે બગીચામાં બગીચાની નિભાવણી માટે ઈલેક્ટ્રીક પમ્પ (પાણી માટે)નો ઉપયોગ થતો હોય, તે ઈલેક્ટ્રીક પમ્પની જાળવણી-નિભાવણી-રીપેરીંગ કોન્ટ્રાક્ટરે સ્વ-ખર્ચે કરવાની રહેશે. સંજોગો વસાત ઈલેક્ટ્રીક પમ્પ રીપેરીંગ થઈ શકે તેમ ન ત્યારે, રાજકોટ મહાનગરપાલિકાનાં મિકેનિકલ વિભાગનો ઈલેક્ટ્રીક પમ્પ રીપેરીંગ થઈ શકે તેમ ન હોવા બાબતનો અભિપ્રાય મળ્યે નવો ઈલેક્ટ્રીક પમ્પ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સપ્લાય કરવામાં આવશે.

૦૭. બગીચાના ઢોળાવ વિસ્તારમાં ઉનાળાની ઋતુમાં જરૂરીયાત મુજબ પિયત આપવાનું રહેશે. બગીચાના નિચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો થવો ન જોઈએ કે પિયત વખતે પાણીનો બગાડ થવો ન જોઈએ.

૦૮. બગીચા વિસ્તારમાં જયારે જયારે પાણી વિતરણ વ્યવસ્થા અવ્યવસ્થિત હોય તેવા સંજોગોમાં રાત્રીના સમય/વહેલી સવારે/બપોરના રીશેષના સમયે પિયત આપવાની વ્યવસ્થા મુળ કામગીરીમાં ગોઠવવાની રહેશે.

૦૯. લાલમાટીના વોકીંગ ટ્રેકમાં પાણીનો છંટકાવ કરવાનો રહેશે.

૧૦. લાલમાટીના વોકીંગ ટ્રેકમાં પડી ગયેલ ખાડા નિયમિત પુરી અને તેનુ લેવલીંગ કરવવાનું રહેશે.

૧૧. બાલક્રીડાંગણના પ્લે એરીયાના ખાડા નિયમિત પુરી અને તેનુ લેવલીંગ કરવવાનું રહેશે.

૧૨. બગીચાનો સંપૂર્ણ વિસ્તાર નિંદામણ મુકત રાખવાનો રહેશે તેમજ જરૂર જણાયે સૂચના પ્રમાણે નિંદામણ કરવાનું રહેશે

૧૩. બગીચામાં માસીક કામગીરીમાં હેઝ કટીંગ બાદ શોભાના રોપાઓનાં ખામણા ખોદી અને નિંદામણ મુકત રાખવાના રહેશે.

૧૪. લાઈવહેઝ અને અન્ય અલંકૃત રોપાઓને જરૂરીયાત મુજબ મેંદી કાપવાની કાતર, કેચી વિગેરેથી કટીંગ કરવાનું રહેશે.

૧૫ <u>સ્મિયરીંગ કામગીરી:</u> બગીચામાં સ્મિયરીંગ દર વર્ષે ઓફીસની સુચના મુજબ શિયાળાની ઋતુમાં કરી આપવાનું રહેશે.

(એ) બગીચામાં સ્મીયરીંગ માટે કાંપની માટીનો તેમજ ખાતરનો જરૂરી જથ્થો કોર્પોરેશન તરફથી જે તે સાઈટ ઉપર આપવામાં આવશે.

(બી) માટી/ખાતરથી લાઈવ હેઝ વગેરેને સ્મીયરીંગ કરી આપવાનું રહેશે. સ્મીયરીંગ કર્યા બાદ તુરંત રેકસથી લાઈવ હેઝ વગેરેમાં લેવલીંગ કરવાનું રહેશે.

(સી) સ્મીયરીંગ કર્યા બાદ, પિયત આપી, જમીન ભરભરી થયા બાદ, રેકસથી લેવલીંગ કરવાનું રહેશે. ત્યારબાદ બીન જરૂરી મટીરીયલ્સ વિણવાના રહેશે. જરૂર જણાયે ફરીથી રેક્સ દ્વારા કલ્ટીવેશન કરી આપવાનું રહેશે.

૧૬. <u>ગેપ ફીલીંગ:-</u> બગીચામાં રોપા, ઓર્નામેન્ટલ પ્લાન્ટસ કે હેઝ પ્લાન્ટનું ગેપ ફીલીંગ દર વર્ષે જુન માસ (ચોમાસાની ઋતુ), નવેમ્બર માસ ( શિયાળાની ઋતુ) તથા જ્યારે સુચવવામાં આવે ત્યારે ગેઇપ ફિલીંગ કરવાનું રહેશે. ઉપરાંત ઋતુ આનુસંગીક જયારે જયારે રોપાને નુકશાન થશે તો પણ ગેપ ફીલીંગ કામગીરી કરવાની રહેશે. ગેઈપ ફીલીંગ અને વાવેતર માટે જરૂરી રોપાઓ કોર્પોરેશન તરફથી ફાળવવામાં આવશે, જરૂરી પરિવહન કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાનું રહેશે. આ આપવામાં આવેલ રોપાને પિયત અને જાળવણી નિભાવણી યોગ્ય રીતે કરવાની રહેશે. જો યોગ્ય રીતે પિયત કે જાળવણી નિભાવણીના અભાવને કારણે રોપાને કોઈ નુકસાની થશે તો કોન્ટ્રાક્ટરે સ્વખર્ચે લાવી વાવેતર કરવાનું રહેશે અન્યથા રોપા સપ્લાયનો ખર્ચ બીલમાંથી કપાત કરવામાં આવશે.

૧૭. બગીચાની કમ્પાઉન્ડ દીવાલની બહારના વિસ્તારમાં (બગીચા અને રોડની વચ્ચે) ઉગી નીકળેલ ઘાસ, જાળી-ઝાખરા, નિંદામણ વગેરે દૂર કરી સફાઈ કરી આપવાની રહેશે. આ કામનું કોઈ અલગથી વધારાનું ચુકવણું કરવામાં આવશે નહીં.

૧૮. <u>ખાતર:</u> બગીચામાં રાસાયણીક ખાતરનો છંટકાવ દર વર્ષે શિયાળાની ઋતુ તથા ઉનાળાની ઋતુમાં જરૂરીયાત મુજબ, સૂચવામાં આવે તે પ્રમાણે છંટકાવ કરી આપવાનો છે. સેન્દ્રીય ખાતર કોર્પોરેશન આપશે.

૧૯. પેસ્ટ કંટ્રોલ કામગીરી: બગીચામાં પેસ્ટ કંટ્રોલની કામગીરી માટે ચોમાસા દરમ્યાન કિટકનાશક દવાનો જરૂર જણાયે છંટકાવ કરાવવાનો રહેશે તથા નિંદામણનાશક દવાનો છંટકાવ દર વર્ષે ચોમાસા દરમ્યાન સુચના મુજબ કરવાનો રહેશે. આ કામ માટે જરૂરી કિટક નાશક દવા તથા નિંદામણ નાશક દવાનો જથ્થો કોર્પોરેશન આપશે. આ કામગીરી માટે જરૂરી ડસ્ટર, સ્પ્રે વિગેરે કોન્ટ્રાકટરે સ્વખર્ચે લેવાના રહેશે.

૨૦. ટોયલેટની સફાઇ: જે બગીચામાં ટોયલેટ બાથરૂમની વ્યવસ્થા રાખવામાં આવેલ હોય તે જગ્યાએ ટોયલેટ બાથરૂમની દૈનિક સફાઇ એજન્સીએ કરવાની રહેશે. આ માટે સફાઇ કામદારની વ્યવસ્થા તથા સફાઇ માટે જરૂરી કેમીકલ, સાધન સામગ્રી એજન્સીએ સ્વખર્ચે કરવા લાવવાની રહેશે.

૨૧. બગીચામાં બિનધિકૃત બેનર/સ્ટીકર દૂર કરવાના રહેશે તથા બિનઅધિકૃત બેનર કે સ્ટીકર લગાવતા અટકાવાના રહેશે.

૨૨. બગીચાના રસ્તાઓની કિનારીઓમાં જયાં – જયાં બ્રીકની કિનારીઓ તથા વૃક્ષો છે, ત્યાં ગેરૂ – ચૂનો દર છ માસે વર્ષમાં બે વખત કરવાનો રહેશે. આ માટે જરૂરી સાધનો જેવા કે પીછડા, ડોલ, ડબ્બા વિગેરે કોન્ટ્રાકટરે લાવવાના રહેશે. ઈંટનો જરૂરી જથ્થો, ગેરૂ, ચૂનો, ગળી કોર્પોરેશન તરફથી પુરો પાડવામાં આવશે. રસ્તાઓની કિન્નારીઓમાં જયારે જયારે નુકશાની પામે અથવા છૂટી પડી જાય ત્યારે વ્યવસ્થિત કરવાની રહેશે. બગીચામાં જયાં – જયાં પાકા રસ્તા છે, ત્યાં રસ્તાઓ સાફ કરી અને સુચના થયે પાણીથી ધોવાના રહેશે.

૨૩. બગીચાની વિવિધ કામગીરી માટે જરૂરી ઓજારો જેમ કે હેઝ કટર, જનરેટર, વુડન કટર, દાતરડા, કોદાળી, ધારિયા, કુહાડી, ત્રીકમ, પરાઈ, કેચી, ડોલ, કુવારા, મેંદી કાપવાની કાતર, રેકસ, કોસ, રબ્બર હોઝ પાઈપ, પાણીના કુવારા, પાવડા, સ્પ્રે પંપ, ડસ્ટર તેમજ અન્ય જરૂરી તમામ ઓઝારો કામ રાખનાર કોન્ટ્રાકટરે સ્વખર્ચે વસાવવાના રહેશે. તેની સાચવણીની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૪. બગીચા વિસ્તારની અંદરના મોટા વૃક્ષોનું ટ્રીમીંગ સુચના મુજબ કરી આપવાનુ રહેશે. અકસ્માતે પડી ગયેલા વૃર્ક્ષોનુ કટીંગ કરી સુચના મુજબની જગ્યાએ નિકાલ કરવાનો રહેશે. આ કામગીરી માટે વૃક્ષ પર ચડી કામ કરી શકે તેવા અનુભવી મજૂરો રાખવાના રહેશે.

૨૫. બગીચાના વિકાસને અનુરૂપ જે જે કામગીરી જયારે જયારે કરવાની થશે, આ ઉપરાંત શરતમાં સમાવેશ થયેલ ન હોય અને કામગીરી કરવી આવશ્યક હોય તે તમામ કામગીરી સુચના મુજબ કરવાની રહેશે.

૨૬. **પેનલ્ટી:** જે તે દિવસે ન કરવામાં આવેલ / યોગ્ય રીતે ન કરેલ કામગીરીના વિસ્તાર (ચો.મી.) મુજબ ન કરવામાં આવેલ પ્રત્યેક કામગીરી દિઠ પ્રતિ દિવસનાં મંજુર થયેલ ભાવની ૩ (ત્રણ) ગણી રકમ પેનલ્ટી તરીકે વસુલ કરવામાં આવશે. જે બિલ માંથી કપાત કરવામાં આવશે.

ઉપરોક્ત સીનીયર સીટીઝન પાર્ક/ચિલ્ડ્રન પાર્કમાં જે તે સ્થળ સ્થિતિ મુજબ ઉક્ત શરતો લાગુ પડશે.

| | |
|---|---|
| **-sd-** | **-sd-** |
| **આર.કે ચાવડા** | **ડૉ. બી.આર.જાકાસણીયા** |
| **ગાર્ડન સુપરવાઇઝર** | **નિયામક (પી&જી)** |
| **રાજકોટ મહાનગરપાલિકા** | **રાજકોટ મહાનગરપાલિકા** |

**લાયકાતની વિગત:**

**(તમામ ડોક્યુમેંટ્સ ઓનલાઈન અપલોડ કરવાનાં રહેશે તથા ક્રમ ન. ૧, ૨ તથા ૯ ફીઝીકલ ટેકનીકલ બીડમાં ઓરીજીનલ સામેલ રાખી મોકલવાનાં રહેશે)**

1) બીડરે ટેન્ડર ફી પેટે રૂ.૪૫૦૦/- નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ “રાજકોટ મહાનગરપાલિકા” **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

2) બીડરે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂ.૧,૧૮,૯૦૦/-નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ “રાજકોટ મહાનગરપાલિકા” **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે. અથવા નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકની બેંક ગેરેંટી ટેન્ડર ડોક્યુમેંટ સાથે સામેલ રાખવાની રહેશે.

3) જી.એસ.ટી. સર્ટીફીકેટ સામેલ રાખવાનું રહેશે.

4) પી.એફ. કોડ સર્ટીફીકેટ સામેલ રાખવાનું રહેશે.

5) ઈ.એસ.આઈ.સી. કોડ સર્ટીફીકેટ સામેલ રાખવાનું રહેશે.

6) પ્રોફેસનલ ટેક્ષ સર્ટીફીકેટ સામેલ રાખવાનું રહેશે.

7) બિડરે આ પ્રકારની કામગીરી એટલે કે ગાર્ડન ડેવલપમેન્ટ / ગાર્ડન નિભાવ / વૃક્ષારોપણની કામગીરી / વૃક્ષારોપણની નિભાવની કામગીરી અંગેનો કોઇ પણ સરકારી, અર્ધસરકારી સંસ્થા, મહાનગરપાલિકા કે નગરપાલિકામાં છેલ્લા સાત નાણાકીય વર્ષમાં કોઈ એક ઓછામાં ઓછા રૂ.૪૭,૫૬,૦૦૦/-નું કામ સંતોષકારક રીતે પૂર્ણ કરેલ / નોંધપાત્ર રીતે કામ પૂર્ણ કરેલ હોવાના અનુભવનું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે. (એનહાન્સમેન્ટ ફેક્ટર લાગુ પડશે)

8) બિડરે છેલ્લા સાત નાણાંકીય વર્ષ પૈકી કોઈ એક ફાઈનાન્સીયલ વર્ષમાં ઓછામાં ઓછું રૂ.૫૯,૪૫,૦૦૦/-નું ટર્ન ઓવર પ્રમાણપત્ર સી. એ. મારફત સામેલ રાખવાનું રહેશે. (એનહાન્સમેન્ટ ફેક્ટર લાગુ પડશે)

9) બિડર ટેન્ડરીંગનાં સમયે ભારતભરમાં ક્યાંય બ્લેક લીસ્ટ ન થયેલ હોવા જોઈએ. બ્લેક લીસ્ટ ન થયાની રૂ.૩૦૦/- ના નોન-જ્યુડીસીઅલ સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ બાંહેધરી ટેકનીકલ બીડમાં સામેલ રાખવાની રહેશે.

-sd-
નાયબ કમિશનર
(પૂર્વ ઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

## -:: પ્રાઇઝ શેડ્યુલ્ડ ::-

**(ફકત ઓનલાઇન ઇલેકટ્રોનિક ફોરમેટમાં ભરવાનું રહેશે.)**

| ક્રમ | કામનું નામ | ભાવ રૂ. | દર | ઓફર ભાવ (ટકાવારીમાં) |
|---|---|---|---|---|
| **૧.** | બગીચા જાળવણી અને નિભાવણી કરવાનું કામ કચરાના નિકાલ સાથે (લોન મુવર, હેઝ કટર, પાઇપ, સાવરણા, દાંતરડા વિગેરે તમામ જરૂરી ગાર્ડન ઓજારો સાથે) | 105.00 | વાર્ષિક ચો.મી. | |
| **૨.** | સીનીયર સીટીઝન પાર્ક/ ચિલ્ડ્રન પાર્ક બગીચાની જાળવણી અને નિભાવણી કરવાનુ કામ | 90.00 | વાર્ષિક ચો.મી. | |

**નોંધ:**

૧. ભાવ % (ટકા) વધુ/ઓછા/બરાબર માં ભરવાના રહેશે (Percentage Rate)

૨. ભાવ GST વગરના ભરવાના રહેશે. જે GST લાગુ પડે છે / પડશે તે અલગથી ચુકવવામાં આવશે.

૩. ભરવામાં આવેલ ભાવ આ કામગીરીના સમગ્ર સમયગાળા દરમ્યાન લાગુ રહેશે. જેમાં કોઈ ભાવ વધારો અલગથી આપવામાં આવશે નહિ.

-sd-

**નાયબ કમિશનર**
**પૂર્વ ઝોન**
**રાજકોટ મહાનગરપાલિકા**

# <u>બાંહેધરી</u>

(રૂ. 300/- ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી કરાવવાનો નમુનો)

અમો શ્રી__________________________________________હોદો ___________________ ઉંમર/વર્ષ: ________, ધંધો/સંસ્થા: ________________________________________ , રહેણાંકનું સરનામું __________________________________________________________________________છે. હું મારા ધર્મ ના સોંગદ ઉપર જાહેર કરૂ છુ કે

(1) હું સંસ્થા :___________________________________માં હોદો: _______________________તરીકે છું,અને હું આ સંસ્થા વતી બાંહેધરી આપવા માટે અધિકૃત / સક્ષમ છું.

(2) અમો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રસીધ્ધ કરવામા આવેલ ટેન્ડર આઈડી નં. ___________ કામનું નામ: _______________________________________________________________ માં ભાગ લેવા માંગીએ છીએ તથા ટેન્ડર ભરેલ છે.

(3) અમોએ ટેન્ડરની બધી શરતો વાંચી અને સમજી લીધી છે અને તે અમો / અમોની સંસ્થા / પેઢીને સ્વિકાર્ય છે

(4) અમો પ્રમાણીત કરી બાંહેધરી આપીએ છીએ કે સમગ્ર દેશમાં કોઇપણ સરકારી / અર્ધ સરકારી / સરકારની સ્વાયત સંસ્થા દ્વારા અમોએ કરાર કરેલ હોય તેવા કોઇપણ કામ માટે અમો / અમોની પેઢી / સંસ્થાને કોઇપણ કામના ટેન્ડરમાં ભાગ લેવા માટે બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી કે કોઇપણ કામો કરવા માટે પ્રતીબંધ લગાવવામાં આવેલ નથી.

(5) અમોએ રજુ કરેલ તમામ વિગતો સાચી અને ખરી છે. જે હું સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરું છું. અમો એ પણ જાણીએ છીએ કે ખોટી બાંહેધરી આપવી કે ખોટું નિવેદન આપવું એ ગુનાહિત કૃત્ય છે.

તારીખ:...........................

સ્થળ:.............................

(અરજદારની સહી)